**નવી સેવા-૨૦૧૪-૧૫.**
જિલ્લા હોમગાર્ડ્ઝ કચેરી જામનગરના હયાત મકાનમાં ત્રણ નવીન રૂમ તથા ગેરેજના બાંધકામ બાબત.

ગુજરાત સરકાર
ગૃહવિભાગ
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૪/૫૧૧/ફ**
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૧૮/૭/૨૦૧૪

**વંચાણે લીધાઃ-**

(૧) ડાયરેકટર જનરલ, હોમગાર્ડ્ઝ, ગુજરાત રાજય, અમદાવાદનો તા.૨૪/૩/૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃકજ/વહટ/૧૬૧/૧૯૬/૨૦૧૪.

(૨) ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લી. રાજકોટના તા.૧૫/૨/૨૦૧૪ ના પત્રક્રમાંકઃગુપોહા/ટેક/નાકાઇ/હોમગાર્ડ્ઝ/૪/૨૦૧૪.

**ઠરાવઃ-**

ડાયરેકટ જનરલ, હોમગાર્ડ્ઝ, ગુજરાત રાજય, અમદાવાદના નિયંત્રણ હેઠળની જિલ્લા કમાન્ડન્ટ, હોમગાર્ડ્ઝ જામનગર કચેરીના હયાત મકાનમાં વધારાના ત્રણ નવીન રૂમ તથા વાહનો માટે ગેરેજ બાંધકામ અંગે વર્ષ ૨૦૧૪-૧૫ ની નવી સેવા તરીકે સમાવવા અંગે ઉકત ક્રમાંક(૧) થી મળેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડ્ઝ કચેરી જામનગર ખાતેના હયાત મકાનમાં સ્ટોર્સ, રેકર્ડ રૂમ, તાલીમ સાધનો રાખવા માટે પુરતી જગ્યા ન હોઇ, હયાત બિલ્ડીંગમાં વધારાના ત્રણ નવીન રૂમ તથા વાહનો માટે ગેરેજના બાંધકામ માટે ઉકત ક્રમાંક(૨) થી ગુજરાત પોલીસ આવાસ નિગમ લી. ગાંધીનગર દ્વારા અંદાજ તૈયાર કરી આપવામાં આવેલ છે. જે જોતા જામનગર જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડ્ઝ કચેરીના હયાત મકાનમાં ત્રણ નવીન રૂમ રૂ.૮.૪૦ લાખ તથા વાહનો માટે ગેરેજના બાંધકામ માટે રૂ.૩.૫૦ લાખ એમ મળીને કુલ-રૂ.૧૧.૯૦(લાખ) (અંકે રૂપિયા અગ્યાર લાખ નેવું હજાર પુરા) ની જોગવાઇ વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં નવી સેવા તરીકે સમાવિષ્ટ કરવાની બાબતે નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ દરખાસ્તનો વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામાં સમાવેશ કરવામાં આવશે. દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણાવિભાગની મંજુરી મેળવી લેવાની રહેશ.

(૨) બજેટ જોગવાઇને વિભાનસભાની મંજુરી મળ્યા બાદ નાણા સલાહકારશ્રીના પરામર્શમાં વહીવટી મંજુરી અંગે હુકમો કર્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૫) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનું પાલન કરવાનું રહેશે.

(૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધ્યોગ અને ખાણ  વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવામાં આવશે અને તે હેઠળ ચાલુ વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) માંગણી ક્રમાંક | ૪૬ |
| (૨) મુખ્ય સદર | ૪૦૫૫-પોલીસ અંગે મુડી ખર્ચની જોગવાઇ |
| (૩) પેટા મુખ્ય સદર | ૦૦ |
| (૪) ગૌણ સદર | ૨૧૧ પોલીસ આવાસન |
| (૫) પેટા સદર | 06-HSG-51 હોમગાર્ડઝના મકાનોનું બાંધકામ |
| (૬) ખર્ચનો પ્રકાર | આયોજન/મતપાત્ર |
| (૭) હેડ ચાર્જેબલ | ૪૦૫૫ ૦૦ ૨૧૧ ૦૬ |
| (૮) સ્કીમ કોડ | HSG-51 |
| (૯) પ્લાન કોડ | ૧૧૪૬૨૧ |

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૦/૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સંજય પંડ્યા)**
ઉપ સચિવ
ગૃહવિભાગ

પ્રતિ,

- ડાયરેકટર જનરલશ્રી, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજય, શાહીબાગ, અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પોલીસ આવાસ નિગમ લી. ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ, જામનગર.
- જિલ્લા તિજોરી અધિકારી, જામનગર.
- અગ્રસચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ.